# મોંઘવારીનો માર : ઘી-બટર પણ મોંઘા થયા





**ભાવમાં તફાવત**

| પ્રોડકટ | પેકીંગ | જુનો ભાવ | નવો ભાવ |
|---|---|---|---|
| અમુલ ઘી | ૧ લીટર | ૫૪૦ | ૫૭૦ |
| અમુલ ઘી | ૧ લીટર ટીન | ૫૫૫ | ૫૮૫ |
| અમુલ બટર | ૫૦૦ ગ્રા. | ૨૬૫ | ૨૭૫ |
| અમુલ બટર | ૧૦૦ ગ્રા. | ૫૨ | ૫૪ |
| અમુલ મસ્તી દહી | ૧ કિલો પાઉચ | ૬૯ | ૭૨ |
| અમુલ મસ્તી દહી | ૫ કિલો | ૩૧૦ | ૩૨૫ |
| અમુલ મસ્તી દહીં | ૪૦૦ ગ્રા. | ૩૨ | ૩૪ |
| અમુલ મસ્તી દહીં | ૨૦૦ ગ્રા. | ૧૭ | ૧૮ |
| અમુલ મસ્તી દહીં | ૨૦૦ ગ્રા. ડબ્બી | ૨૧ | ૨૨ |

ગાંધીનગર, તા.૬

અમુલ દહીં બાદ હવે ઘી અને બટરના ભાવમાં વધારો થયો છે. ગુજરાતની દુધ વિક્રેતા અમુલ ડેરીએ મસ્તી દહીં બાદ હવે ઘીના ભાવમાં પણ વધારો ઝીંક્યો છે. પ્રાથમિક જીવન જરૂરી વસ્તુઓના ભાવમાં તોતીંગ વધારો નોંધાઈ રહયો છે. શાકભાજી, કઠોળ, દૂધ, ખાદ્યતેલના ભાવ આસમાને પહોંચ્યા છે. અમુલ ઘીના એક લીટરના ભાવમાં ત્રીસ રૂપિયાનો વધારો કર્યો છે તો અમુલ બટરના ભાવમાં ૫૦૦ ગ્રામમાં ૧૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. તો અમુલ બટરના ભાવમાં ૧૦૦ ગ્રામના ભાવમાં બે રૂપિયાનો વધારો ઝીંકાયો છે. બટરના ભાવમાં સપ્તાહ પહેલા વધારો ઝીંકયો હતો તો અમુલ ઘીના ભાવમાં બે દિવસ પૂર્વે વધારો જાહેર કર્યો છે. મોંઘવારીના કારણે ગૃહિણીઓના રસોડાના બજેટ ખોરવાયા છે. હજી બે દિવસ પહેલા જ અમુલે ગ્રાહકોને મોટો ઝટકો આપ્યો હતો. અમુલે વિવિધ પ્રકારના દહીંના નવા ભાવ જાહેર કર્યા હતા. ત્યારે બે દિવસ બાદ ઘી અને બટરના ભાવમાં વધારો જાહેર કર્યો છે. આમ, મોંઘવારીના કારણે સામાન્ય લોકોની કમર તોડી દીધી છે. જીવન જરૂરીયાતની વસ્તુઓના ભાવ સતત વધી રહયા છે. જેને કારણે ગૃહિણીઓનું બજેટ સતત અસ્તવ્યસ્ત થઈ રહયું છે. એક તરફ તેલના ભાવ આસમાને તો બીજી તરફ ઘીના વધતા ભાવે તો ગૃહિણીઓની કમર ભાંગી નાંખી છે. એક બાદ એક તમામ વસ્તુઓના ભાવમાં વધારો થતાં સામાન્ય નાગરિકને તો ઘર કેવી રીતે ચલાવવું તે પ્રશ્ન સતાવી રહયો છે.

## એસ.કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું



ગાંધીનગર, તા. ૦૬

ગાંધીનગરના સેક્ટર-૨૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝનો ૨૫મા વર્ષમાં પ્રવેશ થયો છે.

સંસ્થા દ્વારા તારીખ ૫ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત સંસ્થાના ડાયરેક્ટર ડૉ. ભાવિન પંડ્યાના પ્રાસંગિક પ્રવચન થી થઈ હતી.

આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના રજીસ્ટ્રાર ડૉ. એસ. કે. મંત્રાલાએ ઓનલાઈન પ્લેસમેન્ટ પોર્ટલનું અનાવરણ કર્યું હતું. આ સંમેલનમાં ૫૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સ્ટાફ હાજર રહ્યાં હતા અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલે સંસ્થાના આ પ્રયાસોને બિરદાવ્યા હતાં તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.



શ્રી સ્વામિનારાયણ મંદિર, કડી - શ્રી ઘનશ્યામ મહારાજ ૧૦૪ મા વાર્ષિક પ્રતિષ્ઠોત્સવે કેસર જળ, પય, ઘૃત, દધિ, શુદ્ધોદક જળથી અભિષેક, અન્નકૂટ દર્શન, નિરાજન, જ્ઞાનમહોદધિ આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજના આશીર્વાદ વગેરે અધ્યાત્મસભર કાર્યક્રમો યોજાયા હતા. શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના ૧૦૪ મો વાર્ષિક પાટોત્સવે શ્રી ઘનશ્યામ મહારાજને કેસર જળ, પય, ઘૃત, દધિ, શુદ્ધોદક જળથી પંચામૃત અભિષેક, અન્નકૂટોત્સવ તથા નિરાજન પણ કરવામાં આવી હતી.

## ગાંધીનગરમાં તા.૧૨મી ફેબ્રુઆરીએ સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન

**શહેરના સેન્ચુરિયન રક્તદાતાઓ અને ૨૫ વાર રક્તદાન કરનાર મહિલા રક્તદાતાઓનું સન્માન કરાશે**

ગાંધીનગર, તા.૦૬

સતત વધતા જતાં અકસ્માતો અને થેલેસેમિયા, બ્લડ કેન્સર કે હેમોફેલિયા જેવી ગંભીર બિમારીઓની સારવાર કે ડાયાલિસિસ માટે જરૂરી રક્ત પુરવઠો જળવાઈ રહે તેવા ઉમદા હેતુથી ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબ અને સર્જન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વ હિન્દુ પરિષદના સહયોગથી આગામી તા.૧૨મી ફેબ્રુઆરી રવિવારે સવારે ૯થી બપોરના ૨ વાગ્યા દરમ્યાન સેક્ટર-૭માં ભારતમાતાના મંદિરે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્વૈચ્છિક રક્તદાન શિબિરમાં શહેરના સેન્ચુરિયન રક્તદાતાઓ અને ૨૫ કે તેથી વધુ વાર રક્તદાન કરનાર મહિલા રક્તદાતાઓનું સન્માન કરવામાં આવશે.

સ્વૈચ્છિક રક્તદાન શિબિરમાં રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓને પ્રમાણપત્ર સાથે શુભેચ્છા ભેટ આપી સન્માનિત કરવામાં આવશે.

સ્વૈચ્છિક રક્તદાન શિબિરમાં રક્તદાન કરવા નામ નોંધાવવા અથવા શિબિર કે સંસ્થા અંગે માહિતી મેળવવા માટે સુકેતુ મહેતા મો.નં. ૯૯૨૪૬-૯૨૦૪૧, તરંગ હાથી મો.નં.૯૪૨૬૬-૨૨૩૫૫, વત્સલ વોરા મો.નં. ૯૯૦૯૯ ૨૧૦૯૭, સમીર રામી મો.નં.૯૯૨૪૪ ૪૬૬૪૫ અથવા ગણપતસિંહ મો.નં. ૯૮૭૯૮ ૦૫૫૫૫નો સંપર્ક સાધી શકાશે. સ્વૈચ્છિક રક્તદાન શિબિરના ઉમદા કાર્યમાં ખૂબ મોટી સંખ્યામાં યુવાનોએ પોતાના રક્તની એક બોટલનું યોગદાન અચૂક આપવા આયોજકો દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

## ટીંટોડામાં બળિયાદેવના પ્રતિષ્ઠા મહોત્સવમાં અલ્પેશ ઠાકોર

ગાંધીનગર, તા. ૦૬

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે રવિવારે બળિયાદેવ મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં ગાંધીનગર દક્ષિણ બેઠકના ધારાસભ્ય અલ્પેશજી ઠાકોર પધાર્યા હતા જેમનું ગ્રામજનો અને ગ્રામ પંચાયત સમિતિ વતી ડેપ્યુટી સરપંચ રેખાબેન મુકેશજી ઠાકોર, મુન્નીબેન શૈલેન્દ્ર ઠાકોર અને ટીંટોડા ઠાકોર સેના અને ગામના આગેવાનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું.



## કલાગુર્જરીના કાર્યક્રમમાં "વાસંતી સૂર વૈભવ" છલક્યો

**સ્વરકાર મહંમદભાઈ દેખૈયાના "સ્વર સાનિધ્ય" ટીમે ગમી જાય એવાં કર્ણપ્રિય ગીતો પ્રસ્તુત કરીને શ્રોતાઓને ડોલાવ્યાં**



ગાંધીનગર, તા. ૦૬

પાટનગરની સંસ્થા "કલાગુર્જરી ગાંધીનગર" દ્વારા તા. ૫મી ફેબ્રુઆરી રવિવારે રાત્રે ૯ કલાકે શહેરના ચ-૫ સર્કલ પાસેના સે.૧૭ના સ્ટાફ ટ્રેનિંગ કોલેજના ઓડિટોરિયમ ખાતે સુગમ સંગીતનો એક અભિનવ કાર્યક્રમ "વાસંતી સૂર વૈભવ" યોજાઈ ગયો. ગુજરાતી સુગમ સંગીતના આ કાર્યક્રમમાં શિયાળાની ઋતુ અને લગ્નગાળાનો સમય હોવા છતાં મોટી સંખ્યામાં સંગીતપ્રેમીઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને માણ્યો હતો. કાર્યક્રમમાં જેમને ગુજરાત ગૌરવ પુરસ્કારથી સન્માનિત સંગીતજ્ઞ સૂર-તાલના બાદશાહ, જાણીતા કવિઓની ૬૦૦ ઉપરાંત રચનાઓનું લોકપ્રિય સ્વરાંકન જેમણે કર્યું છે, એવા સ્વરકાર મહંમદભાઈ દેખૈયાએ, કલાગુર્જરીના આમંત્રણને માન આપી, એમના વિદ્યાર્થીઓ સાથે સ્વર સાનિધ્ય ભાવનગર દ્વારા આ કાર્યક્રમ બિનવ્યવસાયિક ધોરણે રજૂ કર્યો હતો અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ ૮૫ વર્ષની ઉંમરે આજે પણ વિદ્યાર્થીઓને સંગીત શીખવાડી રહ્યા છે.

કાર્યક્રમમાં દિવંગત કલાકાર સ્વ.વાણી જયરામને બે મિનિટની પ્રાર્થના અને મૌન દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં શાહીર દેખૈયા, જય માણેક શા.ની ગઝલો બહેતરીન હતી તો ડૉ. ઊર્મિબેન જાનીએ ગાયેલ 'ગરબે રમવા નિસર્યા માડી'નો ગરબો શ્રોતાઓને સૂર સમાધિમાં લઈ જતો સાબિત થયો હતો.

જલ્પાબેન મહેતાએ કવિ રામાનુજની 'દાદાના આંગણામાં કોળેલા આંબાનું કુણેરું તોડ્યું રે પાન', ગીતે કેટલાય પ્રેક્ષકોની આંખમાં અશ્રુ લાવી દીધા. પ્રિયંકા મહેતા વગેરેએ સુંદર રજુઆત કરી તો દ્વિજ મહેતા, રાહુલ બારૈયા, સીમાબેન રંધવાણી અને શ્વેતલબેન શુકલએ વૃંદ ગાનમાં અનેરો રંગ પૂર્યો. ૧૮૫૭નું આઝાદીનું ગીત કે ગુજરાતની ગૌરવ ગાથાના ગીતોએ પ્રેક્ષકોમાં રાષ્ટ્ ભાવનાનું સિંચન કર્યું. ગાંધીનગરની કવયિત્રી કોકિલાબેન ભટ્ટનું 'અમથું તે વાદળી' વાળા ગીતે સર્વેને રંગમાં લાવી દીધા. તિશા સુથારે ઉદઘોષીકા તરીકે ભૂમિકા નિભાવી હતી. કી બોર્ડ પર હિમાંશુ ગાયકવાડ, સેક્સોફોન અને ક્લેરોનેટ પર સલીમભાઈ દેખૈયા, તબલા પર દિનેશભાઈ પટેલ, ઢોલક પર પ્રદીપભાઈ ભટ્ટ અને ઓક્ટોપેડ પર સંગત આપી હતી.

કાર્યક્રમના પ્રારંભે કલાગુર્જરીના પ્રમુખ એન પી પટેલે સૌનું શાબ્દિક સ્વાગત કર્યું અને નેચર ફર્સ્ટ અભિયાન હેઠળ ગાંધીનગર, જૂનાગઢમાં, ગીરના જંગલોમાં ટનબંધ પ્લાસ્ટિકનો કચરો એકઠો કરવાની, દર સપ્તાહે ગાંધીનગર શહેરના વિવિધ વિસ્તારોમાંથી સ્વયં સેવકોની ટીમ આ પ્રવૃત્તિ કરી રહી છે તે વગેરે અંગે માહિતી આપી હતી. એમણે મહંમદભાઈ દેખૈયાનું શાલ ઓઢાડી પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું અને આશાબહેન સરવૈયા, ઉમા બેન ભટ્ટ તથા નીતાબેન પરમારે ગુલાબથી સર્વે કલાકારોનું સ્વાગત કર્યુ હતું. અશોક ત્રિવેદીએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું અને જયરાજસિંહ સરવૈયાએ શેરો શાયરીથી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

### IIT ગાંધીનગરે ગતિવિજ્ઞાનમાં

## આંતરશાખાકીય સંશોધનને પ્રોત્સાહન આપવા માટે બે ચેરની સ્થાપના કરી

ગાંધીનગર, તા. ૦૬

આઉટ-ઓફ-ધ-બોકસ વિચારસરણીને આગળ વધારવા, નવીનતાને પ્રોત્સાહિત કરવા, અને અસાધારણ સંશોધન-આધારિત જ્ઞાનનો વિવિધ સ્તરે પ્રસાર કરવાના તેના પ્રયાસો ચાલુ રાખીને, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (IITGN)એ તાજેતરમાં બે વિદ્વતાપૂર્ણ ચેરની સ્થાપના કરી છે જે નવીનતા અને ઉદ્યોગસાહસિકતા તથા જનસંખ્યા ગતિવિજ્ઞાનના ક્ષેત્રમાં આંતરશાખાકીય સંશોધનને પ્રોત્સાહન આપશે.

IITGNએ તેની શરૂઆતથી જ નવીનતા અને ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિને સપોર્ટ કર્યો છે. ૨૦૧૨માં વિદ્યાર્થીઓની પ્રથમ બેચ સ્નાતક થાય તે પહેલાં જ સંસ્થાએ તેના ઉદ્યોગસાહસિકતા કાર્યક્રમ અને ઈક્યુબેશન નીતિનો અમલ કર્યો હતો. ત્યારથી, સંસ્થાના ૧૦૦થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ૫૦ કંપનીઓ શરૂ કરી છે, અને પાંચ ફેકલ્ટી સભ્યો નવેમ્બર ૨૦૨૧ માં સંસ્થા દ્વારા ઘડવામાં આવેલી ફેકલ્ટી આંત્રપ્રિન્યોરશિપ નીતિને અનુસરીને તેમના સાહસોને શરૂ કરવા અને વધારવાના વિવિધ તબક્કામાં છે. ઉદ્યોગ સાહસિકતાના આ કેન્દ્રિય સ્તંભને વિસ્તારવા માટે, કેલિફોર્નિયા સ્થિત ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ સલાહકારો, પરોપકારીઓ, અને લાંબા સમયથી ર્દ્ધના શુભેચ્છકો રહેલા, શ્રીમતી અનુરાધા અને શ્રી બી. વી. જગદીશે સંસ્થામાં "અનુ બી. વી. જગદીશ ચેર"ની સ્થાપના કરવા માટે ઉદાર હાથે મદદ કરી છે. આ ચેર વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા કેમ્પસમાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિને આગળ વધારવામાં મદદ કરશે અને વિદ્યાર્થીઓને શીખવાની, નેટવર્કિંગ, અને વ્યાવસાયિક વિકાસની તકો ઊભી કરીને વૈશ્વિક અર્થતંત્રમાં સફળ થવા માટે જરૂરી કૌશલ્યો અને અનુભવથી સમૃદ્ધ કરશે.




ચેર માટેના તેમના વિઝનને શેર કરતા, શ્રીમતી અનુરાધા અને શ્રી બી.વી. જગદીશે કહ્યું, "બાળકોને મૂળભૂત શિક્ષણ અને વ્યાવસાયિક ડિગ્રી મેળવવામાં મદદ કરવી જેટલી મહત્વપૂર્ણ છે, તેટલું જ મહત્વપૂર્ણ છે કે રોજગારી ઉત્પન્ન કરી શકે તેવા વિદ્યાર્થીઓ અને યુવા દિમાગને મદદ કરવી, કારણ કે ઉદ્યોગસાહસિકતા ઘણા પડકારોને દૂર કરવા અને લોકોને ગરીબીના ચક્રમાંથી બહાર કાઢવાનો શ્રેષ્ઠ માર્ગ છે. અમે આ કાર્ય માટે IITGN પસંદ કર્યું કારણ કે સંસ્થા સર્વસમાવેશક મૂલ્યો અને સંસ્કૃતિને પોષે છે અને તેને તેના કેમ્પસ અને વિદ્યાર્થીઓની બહાર પણ વિસ્તારે છે.

## સરગાસણ ટીપી-૯ વિસ્તારમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઢગ

ગાંધીનગર, તા. ૦૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાંથી પર્યાવરણને નુકસાનકારક સિંગલ યુઝ પ્લાસ્ટિકને જાકારો આપવા કમર કસી છે પરંતુ લાગે છે કે ગાંધીનગર મહાનગરપાલિકા વડાપ્રધાનના આ પ્રયાસ બાબતે ગંભીર નથી જેના કારણે પાટનગરમાંથી સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ સામે કડક કાર્યવાહી કરવાના બણગાં ફૂંકતું વહીવટીતંત્ર આરંભે "શૂરા અને પછી તુરંત પુરા" જેવું સાબિત થયું છે. શહેરના સરગાસણ ચાર રસ્તા નજીકના ટીપી-૯ વિસ્તારમાં ચારેકોર કચરાના ઢગ જેમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના ખડકલાં જોવા મળી રહ્યાં છે. જોકે આ પ્રકારની



સ્થિતિ માત્ર ટીપી-૯ જ નહીં પરંતુ શહેરના અન્ય વિસ્તારોમાં પણ જોવા મળે છે કેમકે વહીવટીતંત્રએ ઢીલું ધોરણ અપનાવતા શરૂઆતમાં એક-બે દંડની વસુલાત કરીને સંતોષ વ્યક્ત કરીને વાતને વિસારે પાડી દીધી હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે.

## એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની વિદ્યાર્થીનીઓની વાલી ચિંતન શિબિર



ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ધો. ૧ અને ૨ ની વિદ્યાર્થીની બહેનોના વાલીઓ માટે બીજા સત્રની વાલી ચિંતન શિબિરનું આયોજન તા. ૪-૨-૨૩ને શનિવારના રોજ નાથીબા મહિલા કોલેજના હોલમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વાલી મિત્રો ઉપસ્થિત રહેલ. શાળાના આચાર્યા નીરૂબેન જે. પટેલે સ્વાગત પ્રવચન કરેલ. ધો. ૧ અને ૨ ના તમામ વર્ગોની વિદ્યાર્થીની બહેનોએ સાંસ્કૃતિક પ્રોગ્રામ રજૂ કર્યો હતો. ચિંતન શિબિરનું આયોજન શાળાના સુપરવાઈઝર સંગીતાબહેનના માર્ગદર્શન નીચે કરવામાં આવેલ. તથા પ્રોગ્રામ તૈયાર કરનાર વિદ્યાર્થીની બહેનોને પ્રોત્સાહનરૂપે રાઈટિંગ પેડ આપવામાં આવ્યા હતા.